

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

(સોશ્યલ મિડીયા)

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 52,(SURAT), DATE-17/06/2026, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૫૨, (સુરત), તા.૧૭/૦૬/૨૦૨૬ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 વિવાદોમાં ઘેરાયેલા અસારમા પ્લાન્ટ પ્રોજેક્ટ પર બ્રેકઃ

3 લોહીલુહાણ હાલતમાં સુરત સિવિલ પહોચ્યો; દૃશ્યો જોઈને ડોક્ટરો પણ સ્તબ્ધ થઈ ગયા

4 કામરેજમાં શંકાસ્પદ ઘી બનાવવાનું કારખાનું ઝડપાયું પોલીસે દરોડા પાડી ભેળસેળનો મોટો જથ્થો જપ્ત કર્યો


## હોર્મુઝમાં નાકાબંધી હટીઃ ૧૫ કરોડ ખેડૂત પરિવારો માટે મોટી રાહત, ભારત આવી રહ્યા છે ૩૪ જહાજો!

અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલી શાંતિ સમજૂતી અને હોર્મુઝ સ્ટ્રેટ પરથી બેવડી નાકાબંધી હટતા જ ભારતને મોટી રાહત મળી છે. કતારથી એલએનજી (લિક્વિફાઇડ નેચરલ ગેસ) ભરીને ભારત આવી રહેલું જહાજ 'દિશા' હોર્મુઝ પાર કરી ચૂક્યું છે. આ માત્ર એક જહાજની સફર નથી, પરંતુ એ ડઝનો જહાજો માટે આશાની કિરણ છે જે છેલ્લા કેટલાય મહિનાઓથી ફારસની ખાડીમાં ફસાયેલા છે.

આ જહાજોમાં પેટ્રોલ-ગેસની સાથે મોટા પ્રમાણમાં ખાતર ભરેલા જહાજો પણ સામેલ છે. આવી સ્થિતિમાં હવે ભારતના લગભગ ૧૫ કરોડ ખેડૂત પરિવારોને પણ ટૂંક સમયમાં મોટી રાહત મળવાની આશા છે.

ભારત સરકારના જણાવ્યા પ્રમાણે શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાની આગેવાની હેઠળના કન્સોર્ટિયમનું એલએનજી કેરિયર દિશા ૬૨,૩૭૦ મેટ્રિક ટન ગેસ લઈને ભારત તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે અને ૧૮ જૂન સુધીમાં તે દાહેજ પોર્ટ પર પહોંચે તેવી શક્યતા છે. ત્રણ મહિનાથી વધુ સમય બાદ યુદ્ધગ્રસ્ત ક્ષેત્રમાંથી બહાર નીકળનારું આ પ્રથમ ભારતીય ધ્વજ ધરાવતું એલએનજી જહાજ છે.

'દિશા'ની સુરક્ષિત યાત્રા એટલા માટે પણ મહત્વપૂર્ણ છે,



કારણ કે તેની પાછળ અન્ય ૩૪ ભારતીય અને વિદેશી જહાજોનું ભવિષ્ય જોડાયેલું છે. ફારસની ખાડીમાં ફસાયેલા આ જહાજોમાં મોટી સંખ્યા એવા વહાણોની છે,

જે ભારત માટે જરૂરી ઊર્જા અને ખાતર લઈને આવવાના છે. 'દિશા' સુરક્ષિત બહાર નીકળવાથી એ વિશ્વાસ વધ્યો છે કે બાકીના જહાજો પણ ટૂંક સમયમાં ભારત તરફ રવાના થઈ શકશે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ફસાયેલા ૩૪ જહાજોમાંથી ૧૬ જહાજો ફર્ટિલાઈઝર (ખાતર) લઈને આવી રહ્યા છે. જેમાંથી ૮ જહાજો યુરિયાથી લદાયેલા છે, ૪ જહાજો પર ડાય-એમોનિયમ ફોસ્ફેટ, ૩ જહાજો સલ્ફર અને એક જહાજ એમોનિયા લઈને આવી રહ્યું છે. આ સિવાય અન્ય ૧૫ જહાજો ક્રૂડ ઓઈલ, એલએનજી અને એલપીજી જેવી ઊર્જા સામગ્રી લઈને આવી રહ્યા છે. એટલે કે આ જહાજોનું ભારત પહોંચવું માત્ર પેટ્રોલિયમ સેક્ટર માટે જ નહીં, પરંતુ ખેડૂતો માટે પણ અત્યંત

**ત્રણ મહિનાથી વધુ સમય બાદ યુદ્ધગ્રસ્ત ક્ષેત્રમાંથી બહાર નીકળનારું આ પ્રથમ ભારતીય ધ્વજ ધરાવતું એલએનજી જહાજ છે.**

મહત્વપૂર્ણ છે.

ભારત પોતાની જરૂરિયાતનું ૮૮%થી વધુ ક્રૂડ ઓઈલ આયાત કરે છે અને તેનો મોટો હિસ્સો પશ્ચિમ એશિયામાંથી આવે છે. આ ઉપરાંત ભારતની આયાતી એલએનજીનો ૬૦%થી વધુ અને એલપીજીનો લગભગ ૯૦% હિસ્સો હોર્મુઝ સ્ટ્રેટ પરથી પસાર થાય છે. આવી સ્થિતિમાં આ સમુદ્રી માર્ગ પર કોઈપણ પ્રકારની અડચણ સીધી રીતે

## ભારતમાં ૧૦૦ ટકા ઇથેનોલ ઇંધણને કાયદેસરની મંજૂરી અપાઇ : ગડકરી



નવી દિલ્હીઃ કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ અને હાઇવે મંત્રી નીતીન ગડકરીએ ઇથેનોલને લઇને મોટી જાહેરાત કરી છે. ગડકરીએ ભારતમાં ઉપયોગી ઇ૧૦૦ ૧૦૦ ટકા ઇથેનોલ ઇંધણના ઉપયોગને મંજૂરી આપતા નિયમો પર સહી કરી દીધી છે. આ નિર્ણય બાદ હવે દેશમાં પુરી રીતે ઇથેનોલ પર ચાલતા વાહનો આવવાનું પણ શરૂ થઇ જશે.

દિલ્હીમાં ઇ૮૫ ફ્યૂલ લોન્ચ થયાના કેટલાક સપ્તાહ બાદ આ જાહેરાત કરવામાં આવી છે. જે દર્શાવે છે કે સરકાર વર્તમાન ઇ૨૦ (૨૦ ટકા ઇથેનોલ) પ્રોગ્રામથી પણ આગળ વધવાનો પ્રયાસ કરી રહી છે. નાગપુરમાં એક કાર્યક્રમમાં ગડકરીએ જણાવ્યું હતું કે મે ઇથેનોલના કાયદેસર ઉપયોગ સાથે જોડાયેલી ફાઇલોને મંજૂરી આપી દીધી છે. અત્યાર સુધી દેશનું ધ્યાન પેટ્રોલમાં ૨૦ ટકા ઇથેનોલ ભેળવવા ઇ૨૦ પર હતું, પરંતુ હવે ઇ૧૦૦ એટલે કે ૧૦૦ ટકા ઇથેનોલ પર કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. જો ઇથેનોલના ઇંધણથી ચાલતા વાહનો પણ માર્કેટમાં મળવા લાગ્યા તો પેટ્રોલ અને ડીઝલની જરૂરિયાત પણ ઓછી થઇ શકે છે.

હવે જયારે ૧૦૦ ટકા ઇથેનોલને મંજૂરી આપી દેવામાં આવી છે ત્યારે દેશની ટોચની કાર કે ટુ-વ્હીલર વાહનો બનાવતી કંપનીઓ પણ આ દિશામાં આગળ વધવા લાગી છે. કેટલીક કંપનીઓએ આ ઇંધણ પર ચાલતા વાહનો લોન્ચ કરી પણ દીધા છે. એવામાં કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ કહ્યું હતું કે આગામી દોઢ મહિનાની અંદર જ ટોયોટા, સુઝુકી, હુંડઇ અને એમજી જેવી મોટી કંપનીઓ માર્કેટમાં ઇ૧૦૦થી ચાલતા વાહનો પણ ઉતારશે.

## શ્રી મોતા કેળવણી મંડળ સંચાલિત શ્રી શાંતારામ ભટ ઇંગ્લીશ મીડીયમ સ્કૂલ મોતામાં

### નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનુસાર ધોરણ ચાર ના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન પ્રોજેક્ટ અનુસારની સર્જનાત્મક શક્તિને બહાર લાવવા માટે Global wind day ની ઉજવણી કરવામાં આવી





**બારડોલી-** શ્રી મોતા કેળવણી મંડળ સંચાલિત શ્રી શાંતારામ ભટ ઇંગ્લીશ મીડીયમ સ્કૂલ મોતામાં તારીખ ૧૫-૬-૨૬ ને સોમવારના રોજ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનુસાર ધોરણ ચાર ના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન પ્રોજેક્ટ અનુસારની સર્જનાત્મક શક્તિને બહાર લાવવા માટે Global wind day ની ઉજવણી કરવામાં આવી હતી.

ધોરણ ૪ ના વિદ્યાર્થીઓએ શિક્ષિકા શ્રી નીલમબેન પરમાર, શ્રી શિલ્પાબેન શુક્લ અને શ્રી ખુશ્બુબેન વાસિયાના માર્ગદર્શન હેઠળ ક્રાફ્ટ પેપર અને સ્ટીકદ્વારા પવન ઉર્જા પ્રદર્શિત કરતી સુંદર પવન ચક્કી બનાવી હતી. વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહ અને ઉમંગથી આ પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. વિજ્ઞાનના શિક્ષિકા શ્રી અંજલીબેન ઠાકોરે વિદ્યાર્થીઓને પવન ઉર્જાનું મહત્વ અને ઉપયોગીતા વિશે સમજાવી વાસ્તવિક શિક્ષણનું સચોટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ અવસરે શાળાના આચાર્યશ્રી દીપિકાબેન પટેલે ગ્રીન એનર્જી ની જરૂરિયાત અને વર્તમાન સમયમાં ઉર્જાના સ્ત્રોતનું સંરક્ષણ અને સંવર્ધન વિશેની માહિતી પૂરી પાડી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય દીપીકાબેન પટેલે ધોરણ ચારના નાના બાળકોની સર્જનાત્મક અને ચૈતસીક શક્તિને પ્રસંસનીય ગણાવી હતી. શાળાના ટ્રસ્ટી અને કેળવણી મંડળના સભ્યોએ પણ શિક્ષકો અને બાળકોને પ્રોત્સાહન પૂરું પાડી અભિનંદન પાઠવ્યા હતા. ખરેખર આજનો દિવસ એક અનેરી ઉર્જાથી સરભર બની રહ્યો હતો

## શ્રી વિહળ સ્ટેડિયમ ની ખેલાડી અવની ચાવડા ની ભારતીય અંડર ૧૯ ટીમ માં પસંદગી

**બોટાદ-** તા. ૧૧/૦૬/૨૦૨૬, પાળીયાદ પૂજય શ્રી વિસામણબાપુ ની જગ્યા માં ઈન્ડિયા અંડર ૧૯ ટીમ માં સામેલ થયેલ ખેલાડી શ્રી અવની ચાવડા શ્રી રાઘવેન્દ્ર સરકાર અને પ. પૂ. શ્રી વિહળાનાથ ના દર્શન કરી જગ્યાના ગાદીપતિ પરમ પૂજય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબાના આશીર્વાદ લીધા. પૂજય શ્રી ભયલુબાપુ ની શુભેચ્છા મુલાકાત લીધી.

પૂજય બા અને ભયલુબાપુ દ્વારા અવની ચાવડા નું પુષ્પમાળા તેમજ રામનામી શાલ આપી ઠાકર વિહળાનાથ ની સ્મૃતિ ભેટ આપી સન્માન કરવામાં આવ્યું. અવની ચાવડા એ પોતાનું કરિયર શ્રી વિહળધામ પાળિયાદ સંચાલિત શ્રી વિહળ સ્ટેડિયમ, પૂજ્ય શ્રી ભયલુબાપુના માર્ગદર્શન અને શ્રી સમરસ એકેડમીનાં કોચ શ્રી કિરણભાઈ ના નેતૃત્વ માં શરૂ કર્યું હતું. નાના એવા બોટાદ જિલ્લામાં ક્રિકેટ રમી આજે એને સમગ્ર દેશ માટે રમવાનું એને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે

શ્રી અવની ચાવડા ઈન્ડિયા અંડર ૧૯ ટીમ માં સિલેક્ટ થઈ સમગ્ર સૌરાષ્ટ્ર નું, બોટાદ જિલ્લાનું ગૌરવ વધાર્યું છે માત્ર ૧૫ વર્ષ ની ઉંમરે અવની એ આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. અને તે સૌરાષ્ટ્ર ની પ્રથમ મહિલા અંડર ૧૯ ટીમ ની ક્રિકેટર બની છે. અવની નું નામ ભારતની ટીમ માં આવતા સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન પ્રમુખ શ્રી જયદેવ શાહ સાહેબ અને શ્રી નિરંજન શાહ સાહેબ તેમજ કોચ જાનિ સાહેબ અને શીતલ મેમ દ્વારા પણ અવની ને અભિનંદન પાઠવવામાં આવ્યા. બોટાદ જિલ્લા ક્રિકેટ એસોસિએશન તથા કોચ શ્રી કિરણભાઈ સોલંકીએ પણ અવનીને ખૂબ શુભકામના પાઠવી.





**પૂજય બા અને ભયલુબાપુ દ્વારા અવની ચાવડા નું પુષ્પમાળા તેમજ રામનામી શાલ આપી ઠાકર વિહળાનાથ ની સ્મૃતિ ભેટ આપી સન્માન કરવામાં આવ્યું.**









ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# વિવાદોમાં ઘેરાયેલા અસારમા પ્લાન્ટ પ્રોજેક્ટ પર બ્રેકઃહજીરાના ઉદ્યોગોને હવે ટર્સરી નહી સીધું સેકેન્ડરી ટ્રીટેડ પાણી અપાશે



સુરત- સુએજ વોટરને શુદ્ધ કરીને ઉદ્યોગોને પૂરું પાડવાના પાલિકાના મહત્વાકાંક્ષી આયોજનમાં એક મોટો વળાંક આવ્યો છે. અસારમાથી હજીરાના ઉદ્યોગોને રોજ ૨૦૦ MLD હાઈ-ક્વોલિટી (ટર્સરી ટ્રીટેડ) પાણી આપવાના પ્રોજેક્ટમાં કેટલાક અધિકારીઓની શંકાસ્પદ ભૂમિકા ખુલતાં ભારે હોબાળો મચ્યો હતો.

આ વિવાદના સમાધાન તરીકે હવે તંત્રે આખો પ્રોજેક્ટ જ પડતો મુક્યો છે. અસારમા ખાતે ૪૦૦ MLD પાણીને વધુ ફિલ્ટર કરવા પાછળ કરોડોનો ખર્ચ કરવાને બદલે હવે ઉદ્યોગોને સીધું જ રસેકેન્ડરી ટ્રીટેડ વેસ્ટ વોટર સપ્લાય કરવાની નવી નીતિ અપનાવી છે.

આ વ્યૂહરચનાના ભાગરૂપે, હજીરા એરિયા ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશને ટર્સરી ટ્રીટેડ પાણી મેળવવા માટે કરેલી રજૂઆતને વહીવટીતંત્રે અસમર્થતા દાખવી છે. પાલિકાએ સ્પષ્ટ સંકેત આપ્યા છે કે ઉદ્યોગોએ હવે સેકેન્ડરી કક્ષાના પાણીથી જ સંતોષ માનવો પડશે અથવા પોતાની જરૂરિયાત મુજબ તેને આગળ શુદ્ધ કરવું પડશે.

તંત્રે હજીરાના ઔદ્યોગિક ગૃહો પાસે તાકીદે વિગતો મંગાવી છે કે, તેઓને દૈનિક કેટલા એમએલડી સેકેન્ડરી ટ્રીટેડ પાણીની જરૂરિયાત છે, જેથી તે મુજબ સપ્લાય લાઇન અને વિતરણનું આગળનું આયોજન હાથ ધરી શકાય, હવે હજીરાના ઉદ્યોગગૃહોએ પોતાની પાણીની જરૂરિયાત માટે નવી ગણતરીઓ માંડવી પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે.

# લોકનૃત્ય ક્ષેત્રે ગુજરાતની ગૌરવવંતી સિદ્ધિ : ત્વિષા કિલ્લોલકુમાર વ્યાસને રઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાન યુવા રાષ્ટ્રીય પુરસ્કાર-૨૦૨૫ એનાયત







ગુજરાતઃ ગુજરાત માટે ગૌરવની વાત છે કે લોકનૃત્ય ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન બદલ સુશ્રી ત્વિષા કિલ્લોલકુમાર વ્યાસની ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાન યુવા રાષ્ટ્રીય પુરસ્કાર-૨૦૨૫ માટે પસંદગી કરવામાં આવી છે. આ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય પુરસ્કાર ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય હેઠળની સંગીત નાટક અકાદમી દ્વારા કલાના વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર યુવા કલાકારોને આપવામાં આવે છે.

સુરત જિલ્લાના બારડોલી ગામના ત્વિષા કિલ્લોલકુમાર વ્યાસે લોકનૃત્ય ક્ષેત્રમાં પોતાની અનોખી પ્રતિભા, સમર્પણ અને વર્ષો સુધીના સતત પ્રયત્નો દ્વારા આગવી ઓળખ ઉભી કરી છે. ભારતીય લોકસંસ્કૃતિ અને પરંપરાગત કલાના જતન તેમજ પ્રચાર-પ્રસાર માટે તેમના યોગદાનને ધ્યાનમાં રાખી તેમને આ સન્માન માટે પસંદ કરવામાં આવ્યા છે.

આ સિદ્ધિ માત્ર ત્વિષા કિલ્લોલકુમાર વ્યાસ માટે જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતના કલા અને સાંસ્કૃતિક જગત માટે ગૌરવની ક્ષણ છે. તેમના આ સન્માનથી રાજયના યુવા કલાકારોને પણ પ્રેરણા મળશે અને લોકકલાના સંવર્ધનને નવી દિશા મળશે. આ અવસરે વિવિધ સાંસ્કૃતિક, સામાજિક અને કલા ક્ષેત્રના આગેવાનો દ્વારા ત્વિષા કિલ્લોલકુમાર વ્યાસને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી છે. આ સન્માન તેમની મહેનત, પ્રતિભા અને ભારતીય સાંસ્કૃતિક વારસાપ્રતિની પ્રતિબદ્ધતાનો ઉત્કૃષ્ટ સ્વીકાર છે.

## તાપી જિલ્લા ભાજપનું કાર્યકર સંમેલન યોજાયું

# કેન્દ્ર સરકારની ૧૨ વર્ષની સિદ્ધિઓ લોકો સુધી પહોચાડવા આહ્વાન કરાયું



તાપી (વ્યારા)- તાપી જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા એક કાર્યકર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકારના સફળ શાસનના ૧૨ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે આ સંમેલન યોજાયું હતું. તેનો મુખ્ય ઉદ્દેશ્ય સરકારના જનકલ્યાણ, વિકાસ કાર્યો અને પ્રજાના વિશ્વાસની વાતોને લોકો સુધી પહોચાડવાનો હતો.

આ સંમેલનમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી અને સાંસદ દર્શનાબેન જરદોશ, સાંસદ પ્રભુભાઈ વસાવા અને વ્યારાના ધારાસભ્ય મોહનભાઈ કોકણી સહિતના અગ્રણી પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા સંગઠનના પ્રમુખ, વિવિધ મોરચાના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકરો પણ હાજર રહ્યા હતા.

ઉપસ્થિત મહાનુભાવોએ સંમેલનને સંબોધતા જણાવ્યું હતું કે, છેલ્લા ૧૨ વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલા ઐતિહાસિક નિર્ણયો અને લોકાભિમુખ યોજનાઓને કારણે દેશમાં પરિવર્તન આવ્યું છે. વિકાસના ફળ છેવાડાના માનવી સુધી પહોચ્યા છે. આગેવાનોએ કાર્યકરોને આહ્વાન કર્યું હતું કે, આગામી દિવસોમાં ભાજપના તમામ કાર્યકરોએ ઘરે-ઘરે જઈને સરકારની જનકલ્યાણકારી યોજનાઓ, વિકાસ કાર્યો અને પ્રજાના વિશ્વાસની વાતો લોકો સમક્ષ રજૂ કરવી. જેથી જનતાનો ભરોસો જળવાઈ રહે.

આ સંમેલનથી તાપી જિલ્લા ભાજપના કાર્યકરોમાં નવો ઉત્સાહ અને ઊર્જાનો સંચાર થયો છે. તમામ કાર્યકરોએ કેન્દ્ર સરકારની સિદ્ધિઓને પ્રજા સુધી પહોચાડવાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# સોનગઢના છેતરપિંડી કેસનો વોન્ટેડ આરોપી વ્યારાથી ઝડપાયોઃસુરતના યાસીર શેખ પાસેથી મોબાઈલ જપ્ત, કાયદેસરની કાર્યવાહી શરૂ



તાપી (વ્યારા)- તાપી જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ, તાપી એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્ક્વોડને મોટી સફળતા મળી છે. સોનગઢ પોલીસ સ્ટેશનના છેતરપિંડી અને આઈ.ટી. એક્ટના ગંભીર ગુનાઓમાં લાંબા સમયથી નાસતા-ફરતા વોન્ટેડ આરોપીને વ્યારા કોલેજ બસ સ્ટેન્ડ પાસેથી ઝડપી પાડવામાં આવ્યો છે.

આ બાતમીના આધારે પોલીસે વ્યારા કોલેજ બસ સ્ટેન્ડ પાસે વોચ ગોઠવી હતી. પોલીસે સુરત શહેરના સંગરામપુરા વિસ્તારમાં રહેતા યાસીર જલાલુદ્દીન શેખ ને સફળતાપૂર્વક ઝડપી પાડ્યો હતો.

પકડાયેલા આરોપી પાસેથી રૂ. ૫,૦૦૦ની કિંમતનો એક ઓપ્પો કંપનીનો મોબાઇલ ફોન જપ્ત કરવામાં આવ્યો છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ- ૩૫(૧) મુજબ અટકાયત કરવામાં આવી હતી.

આરોપી વિરુદ્ધ સોનગઢ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૮(૪), ૩૧૯(૨), ૬૧(૨)(એ), ૩(૫) તથા આઇ.ટી. એક્ટ ૨૦૦૦ની કલમ ૬૬(સી) અને ૬૬(મ) મુજબ ગુનો (ગુ.ર.નં. ૧૧૮૨૪૦૦૪૨૫૩૦૦૬/૨૦૨૫) નોંધાયેલો હતો. વધુ કાયદેસરની કાર્યવાહી માટે આરોપીને વ્યારા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

# નર્મદાઃ સુશાસનના ૧૨ વર્ષ કાર્યક્રમમાં વિવાદ, પ્રોટોકોલ ન જળવાતા ભાજપના મહિલા ધારાસભ્ય વોકઆઉટ બાદ ધરણા પર બેઠા



વડાપ્રધાનના સુશાસનના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રાજકીય ગરમાવો આવી ગયો છે. કાર્યક્રમ દરમિયાન પોતાનું અપમાન થયું હોવાનો દાવો કરીને નાંદોદ વિધાનસભા બેઠકના ભાજપના જ મહિલા ધારાસભ્ય ડો. દર્શનાબહેન દેશમુખ કાર્યક્રમ અધવચ્ચે છોડીને (વોકઆઉટ) નીકળી ગયા હતા. પ્રોટોકોલ ન જળવાતા નારાજ થયેલા ધારાસભ્ય ગાંધી ચોક વડીયા ખાતે ધરણા પર બેસી ગયા છે અને સંગઠન સહિત ધારાસભ્ય પદ પરથી રાજીનામું આપવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

મળતી માહિતી અનુસાર, રાજપીપળાના આંબેડકર હોલ ખાતે પ્રબુદ્ધ નાગરિકોના સન્માનનો એક વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ હાઈપ્રોફાઈલ કાર્યક્રમમાં જિલ્લાના પ્રભારી મંત્રી ઈશ્વરસિંહ પટેલ અને પૂર્વ વનમંત્રી ગણપત વસાવા જેવા પક્ષના વરિષ્ઠ નેતાઓ મંચ પર હાજર રહ્યા હતા. જો કે, આ સરકારી કે પક્ષના કાર્યક્રમમાં સ્થાનિક ધારાસભ્ય હોવા છતાં ડો. દર્શનાબહેન દેશમુખના પ્રોટોકોલ જાળવવામાં આવ્યો ન હતો અને તેમનું યોગ્ય સ્વાગત પણ કરવામાં ન આવતા વિવાદ સર્જાયો હતો.

કાર્યક્રમમાંથી બહાર નીકળીને સીધા ધરણા પર બેસી ગયેલા ધારાસભ્ય ડો. દર્શનાબહેન દેશમુખે મીડિયા સમક્ષ જિલ્લા ભાજપ સંગઠન પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, 'છેલ્લા બે વર્ષથી જિલ્લા ભાજપ પ્રમુખ દ્વારા ધારાસભ્યનું સતત અપમાન કરવામાં આવી રહ્યું છે. ગાંધીનગરના એક મોટા મંત્રીનું જિલ્લા ભાજપ પ્રમુખને પીઠબળ છે, જેના કારણે તેઓ આ પ્રકારે મનમાની ચલાવી રહ્યા છે. સંગઠન દ્વારા ચૂંટણીઓમાં મનફાવે તેવા લોકોને ટિકિટો આપી દેવામાં આવી અને આવી મનમાનીના કારણે જ ચૂંટણીમાં હારનો સામનો કરવો પડ્યો છે.'

અપમાન થયું હોવાનો દાવો કરીને કાર્યક્રમમાંથી 'વોકઆઉટ' કરનાર નાંદોદના ભાજપના મહિલા ધારાસભ્ય ડો. દર્શનાબહેન દેશમુખના સમર્થનમાં હવે ભરૂચના ભાજપ સાંસદ મનસુખ વસાવા પણ સમર્થનમાં આવ્યા છે. તેમણે આ ઘટનાને આદિવાસીઓનું અપમાન ગણાવીને જિલ્લા ભાજપ પ્રમુખ નીલ રાવના રાજીનામાની માંગ કરી દીધી છે.

# પાવરગ્રીડ કંપનીએ ખેતરોમાં ગેરકાયદે રસ્તાઓ બનાવી દેતાં વિરોધઃગાંધીનગર ટ્રેક્ટરો લઇ જઇ રહેલા ખેડૂતોને રસ્તામાં પોલીસે અટકાવ્યા



અંકલેશ્વર- ગાંધીનગરમાં સચિવાલયને ઘેરાવો કરવાના કાર્યક્રમમાં હાજરી આપવા માટે ટ્રેક્ટર લઇને નીકળેલાં ખેડૂતોને અંકલેશ્વરની આમલાખાડી નજીક રોકવામાં આવતાં મામલો બિચક્યો હતો. પોલીસ કાર્યવાહીના વિરોધમાં ખેડૂતોએ રસ્તા પર બેસી જઇને ધરણા કરી દીધાં હતાં.

પોલીસે ૧૦થી વધારે ખેડૂતોની અટકાયત કરી લીધી હતી. ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિના નેજા હેઠળ અંકલેશ્વર અને હાંસોટના ખેડૂતો ૨૫ ટ્રેક્ટર અને ૫૦ કારના વિશાળ કાફલા સાથે ગાંધીનગર જવા રવાના થયા હતાં. અંકલેશ્વર અને હાંસોટ તાલુકાના ખેડૂતોમાં હાલ પાવરગ્રીડ કંપની તરફથી નાખવામાં આવી રહેલાં થાંભલાઓ સામે આક્રોશ જોવા મળી રહયો છે.

પાવરગ્રીડ કંપની થાંભલાઓ નાખવા માટે ખેતરોમાં ગેરકાયદે રીતે રસ્તાઓ બનાવી રહી છે. આ રસ્તાઓ પરથી જેસીબી અને ટ્રક સહિતના ભારદારી વાહનો પસાર થતાં હોવાથી પાકને નુકસાન થઇ રહયું છે. ખેડૂતો કંપની પાસેથી પાક અને ખેતરને થતાં નુકસાન પેટે વળતરની માગણી કરી રહયાં છે. વળતર, દેવા માફી સહીતની માગણીઓ સાથે ખેડૂતો સચિવાલયને ઘેરાવો કરવાના છે. અંકલેશ્વર અને હાંસોટ તાલુકામાંથી રવાના થયેલાં ખેડૂતોને અંકલેશ્વરની આમલાખાડીના બ્રિજ પાસે પોલીસે રોક્યાં હતાં.

કચ્છના ખાવડા ખાતે બની રહેલા વિશ્વના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી પાર્કમાંથી ઉત્પન્ન થતી હજારો મેગાવોટ વીજળીને ગ્રીડ સુધી લાવવા માટે ૭૬૫ કેવીની હાઈ-વોલ્ટેજ ટ્રાન્સમિશન લાઈનો અને સબસ્ટેશનો નાખવામાં આવી રહ્યા છે. આ પ્રોજેક્ટ અંતર્ગત વડોદરા અને અમદાવાદથી લઈને સુરતના ઓલપાડ સુધી નવી હાઈ-કેપેસિટી લાઈનો નાખવાનું કામ ચાલી રહ્યું છે. રાજયભરમાં ખેડૂતો આ પ્રોજેક્ટનો વિરોધ કરી રહયાં છે.

# પાલ ગૌરવપથ રોડના SMCના પ્લોટમાં ભીષણ આગઃકાબૂમાં લેવા ૧૩ કલાકથી મથામણ, ખજોદ ડમ્પિંગ સાઇટની આગની યાદ તાજી થઈ

સુરત- સુરત શહેરના પાલ ગૌરવપથ રોડ પર આવેલ એક ખુલ્લા પ્લોટમાં ગાર્ડનના વેસ્ટેડ કચરામાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો છે. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. ૧૩ કલાકથી વધુ સમય વીતી ગયો હોવા છતાં આગ હજુ સંપૂર્ણપણે કાબૂમાં આવી નથી, જેને પગલે ફાયર વિભાગના જવાનો દ્વારા સતત પાણીનો મારો ચલાવી આગ બુઝાવવાની કામગીરી કરવામાં આવી રહી છે.

મળતી માહિતી મુજબ, પાલ ગામ ખાતે ગૌરવ પથ પાસે સુરત મહાનગરપાલિકાનો ખુલ્લો પ્લોટ આવેલો છે. આ પ્લોટમાં મહાનગરપાલિકા દ્વારા ગાર્ડનનો વેસ્ટેડ કચરો અને સૂકા પાંદડા ઠલવવામાં આવતા હતા. અગમ્ય કારણોસર આ કચરાના ઢગલામાં આગ ફાટી નીકળી હતી. સૂકો કચરો હોવાના કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આકાશમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા.

આગની ઘટના અંગે સ્થાનિક કોર્પોરેટર નીલેશ પટેલે જણાવ્યું કે, સાંજના આશરે ૭:૨૦ વાગ્યે તેમને આ અંગે જાણ થતાં તેમણે તાત્કાલિક ફાયર કંટ્રોલ રૂમમાં કોલ કર્યો હતો. આગ વધુ વિકરાળ બનતા પાલનપુર, મોરાભાગળ, અડાજણ અને જહાંગીરપુરા ફાયર સ્ટેશનની



કુલ ૬ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ઓફિસર ગિરીશ શેલરે જણાવ્યું કે, કંટ્રોલ રૂમમાંથી કોલ મળ્યા બાદ પાલનપુરની બે, મોરાભાગળની એક, અડાજણની એક અને જહાંગીરપુરાની ગાડીઓ સહિતનો કાફલો અને ફાયર ફાઇટરો આગ બુઝાવવાની કામગીરીમાં જોડાયા હતા.

આગ એટલી પ્રચંડ છે કે ૧૩ કલાકથી વધુ સમય વીતી જવા છતાં હજી પણ કચરાના ઢગલામાં અંદરખાને આગ ધગધગી રહી છે. હાલની પરિસ્થિતિ અંગે ફાયર વિભાગે જણાવ્યું કે, આગ હાલ નિયંત્રણમાં છે પરંતુ તેને સંપૂર્ણપણે શાંત કરવા માટે હજી પણ ત્રણ ગાડીઓ દ્વારા સતત પાણીનો મારો ચલાવવામાં આવી રહ્યો છે. આ સાથે જ સુરત મહાનગરપાલિકાના જેસીબી મશીનની મદદ પણ લેવામાં આવી રહી છે, જેથી કચરો ખસેડીને અંદર લાગેલી આગ પર પાણી છાંટી શકાય અને કુલિંગની કામગીરી પૂર્ણ કરી શકાય.

પાલ વિસ્તારમાં લાગેલી આ આગના દ્રશ્યોએ સ્થાનિકોને ખજોદ ડમ્પિંગ સાઇટ પર ભૂતકાળમાં લાગેલી ભયાનક આગની યાદ અપાવી દીધી હતી. કચરાના વિશાળ ઢગલામાં લાગેલી આગને કારણે આસપાસના વિસ્તારોમાં વાયુ પ્રદૂષણ અને ધુમાડાના સામ્રાજયને લીધે લોકોમાં રોષ અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

અવારનવાર ખુલ્લા પ્લોટોમાં કચરાના નિકાલ અને સુરક્ષાને લઈને સ્થાનિકો દ્વારા તંત્ર સામે સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

તંત્રી લેખ.......

# તમે વર્ચ્યુઅલ વિશ્વના વ્યસનથી પીડાઓ છો



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

સ્માર્ટ ટીવી, સ્માર્ટ ફોન, સ્માર્ટ ટેબ, સ્માર્ટ ગેજેટ્સથી ઘેરાયેલો સમાજ ધીમે ધીમે ડફોળ થઈ રહ્યો છે. પોતાના માટે સાચું શું અને સારું શું તેની સમજ ગુમાવી બેઠો છે. વર્ચ્યુઅલ વિશ્વમાં સતત હાજરી અથવા તો તેમાં રચ્યાપચ્યા રહેવું તે હવે આધુનિક જમાનાનું વ્યસન થઈ ગયું છે.

સોશિયલ મીડિયા અને વર્ચ્યુઅલ વિશ્વ આપણા મનોજગત અને ભાવજગત ઉપર એટલું હાવી થઈ ગયું છે કે, આપણે તેનાથી બહારનું વિશ્વ વિચારતા જ નથી. હમણાં એક વ્યક્તિ સાથે વાત થઈ ત્યારે તેમણે પુસ્તકો અને છાપા વાંચવાની આદત જતા રહેવા વિશે જણાવ્યું. તેમણે કહ્યું કે, એક સમય હતો જયારે અખબારો સાચવતા, પૂતઓના લેખ કટિંગ કરીને રાખી મુક્તા, મેગેઝિન રાખી મુક્તા પણ હવે મોબાઈલમાંથી ફ્રી થવાતું જ નથી. તેમનું માનવું હતું કે, મોબાઈલમાં એન્ટરટેઈન્મેન્ટ મળી જાય છે. વોટ્સએપ યુનિવસટીમાંથી ગમે તે માહિતીના કટિંગ ફરતા મળી જાય છે. ફેસબુકની દીવાલો ઉપર પોતપોતાની ચોંટાડેલી તસવીરો મળી જાય છે. ત્યારબાદ આવે છે ઈન્સ્ટાગ્રામ, સ્નેપચેટ અને યુટ્યૂબ શોર્ટ. આ ત્રણેય માધ્યમોમાં આવતી રિલ્સ, શોર્ટ વીડિયોએ સમગ્ર દુનિયાને ઝપેટમાં લીધેલા છે. લોકોનો મોટાભાગનો સમય તેમાં જ પસાર થાય છે અને બરબાદ થઈ જાય છે. વર્તમાન સમયમાં વર્ચ્યુઅલ વિશ્વનંગ વ્યસન વ્યક્તિને બરબાદ કરી રહ્યું છે.

છેલ્લા ઘણા સમયથી ફેસબુક રીલ અને ઈન્સ્ટા રિલ બનાવવાનું, જોવાનું, કોપી કરવાનું અને બીજા ઘણાનું ચલણ વધેલું છે. ખાસ કરીને સોશિયલ મીડિયા દ્વારા કમાણી કરી શકાય છે તેવી વાતો જાણવા મળી ત્યારથી યુવાનો તો માત્ર તેની પાછળ પડેલા છે. દરરોજ નવા ગીતો, નવી શાયરીઓ, નવા ડાન્સ અને બીજી ઘણી બાબતો દ્વારા નાના નાના વીડિયો બનાવીને ફેસબુક, ઈન્સ્ટા અને અન્ય સોશિયલ મીડિયા માધ્યમો ઉપર મૂકી રહ્યા છે. આમ જોવા જઈએ તો આત્મનિર્ભરતા તરફની સારી પહેલ છે પણ આ પહેલના ઉંડાણમાં જઈએ તો ખ્યાલ આવશે કે કેટલી છીછરી માનસિકતા રહે છે. ઈન્ફ્લ્યુઅન્સર થવાની લ્હાયમાં લોકો નગ્નતાના નાચ સુધી પહોંચી ગયા છે.

મોટાભાગની ઈન્સ્ટા રિલ, ફેસબુક રીલમાં યુવતીઓ સેમી પોર્ન અથવા તો સોફ્ટ પોર્ન કહી શકાય તેવી સ્થિતિમાં ડાન્સ કરતી હોય છે, ગીતો ગાતી હોય છે અથવા તો પોતાના બોયફ્રેન્ડ, ી મિત્ર કે પછી કો સ્ટાર સાથે જાતભાતની કન્ડિશનમાં જોવા મળતી હોય છે. છોકરાઓ પણ કંઈ ગાંજયા જાય તેવા નથી... તેઓ પણ આવી રિલ્સ બનાવતા જ હોય છે. પોતાનું સ્ટેટસ, પોતાની માન-મર્યાદા, પોતાના સ્ટ્રગલ બીજા કરતા વધારે છે તે બતાવતી રીલ્સ બનાવવા દરમિયાન ગાળોનો બેફામ ઉપયોગ થતો હોય છે. ગાળો રજૂ કરતી, સેક્સ અને વલ્ગારિટી રજૂ કરતી પોસ્ટને લાખોની સંખ્યામાં લાઈક મળે છે, શેર થાય છે અને કોપી પણ થાય છે. માત્ર સસ્તી પબ્લિસિટી માટે થઈને આવી વિકૃત દિશામાં ડગ માંડવા ક્યાંની બુદ્ધિમાની છે. આ યુવાનો જયારે આવી પોસ્ટ મૂકે છે, શેર કરે છે અને તેનાથી કમાણી કરવા લાગે છે ત્યારે એક જ વિચાર આવે છે કે તેમના માતા-પિતા એક વખત પણ સવાલ નહીં કરતા હોય.

અહીંયા ધર્મ-જાતી કે બીજી કોઈ વાત જ નથી પણ આ હદે નગ્નતાનો નાચ કેવી રીતે સહન કરી શકાય અથવા તો ચલાવી લેવાય. મોરાલિટીના ઢોલ પીટનારા કલાકો સુધી ખૂણામાં ભરાઈને આવી રિલ્સ જોતા હોય છે અને શેર પણ કરતા હોય છે. સોશિયલ મીડિયામાં સ્ટેટસ ઉંચું રાખવા માટે ગમે તે કરવાનું... ગમે તેમ કરવાનું.... આ બધી હિડન ચેલેન્જિસ છે જે હજી સુધી આપણે જાણી શકતા નથી. એક તરફ આપણે બળાત્કાર, છેડતી, મારપીટ, શોષણ જેવી સામાજિક બદીઓ માટે કાગારોળ મચાવીએ છીએ. બીજી તરફ આ જ વૃત્તિને પ્રોત્સાહન મળે તેવું કન્ટેન્ટ છડેચોક અને બેફામ રીતે સોશિયલ મીડિયામાં અને ઓટીટી પ્લેટફોર્મ ઉપર વહેંચતા ફરીએ છીએ.

કેટલીક એપ્સ, ઓટીટી પ્લેટફોર્મ, હિંસા, સેક્સ, બળાત્કાર, ગાળો બોલવી, બેફામ જીવવું અથવા રહેવું જેવા કન્ટેન્ટ માટે અત્યંત જાણી છે. યુવાનોને તેની લત લાગી ગઈ છે. કોઈ કહેનાર કે રોકનાર છે નહીં. બસો-પાંચસો રૂપિયામાં આખું વર્ષ આવું વલ્ગર કન્ટેન્ટ મળતું રહે છે. દિવસ દરમિયાન બેદાગ થઈને ફરતા અને સમજમાં સજ્જનતા, સભાનતા અને સંસ્કારના બ્યૂગલો વગાડતા લોકો પણ આખી રાત જાગીને લવ, લસ્ટ, ડટ પોલિટિક્સ, હિંસા, હત્યા અને બીજી ઘણી બાબતોને રજૂ કરતી વેબ સિરિઝો જોવા ઉજાગરા કરતા હોય છે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે

● ૫-સિટર ● ૭-સિટર ●





સંપર્ક- અનિલભાઈ મો.97242 60058

# સોનગઢ મ્યુલ બેક એકાઉન્ટ કૌભાંડનો મુખ્ય આરોપી ૬ મહિને વ્યારાથી ઝડપાયો


સોનગઢ- દેશભરમાં ઓનલાઈન છેતરપિંડી આચરી લોકોના નાણાં સોનગઢ ખાતેના મ્યુલ બેંક એકાઉન્ટમાં મોકલવાના રેકેટમાં સંડોવાયેલો મુખ્ય અને વોન્ટેડ આરોપી આખરે છ મહિના બાદ પોલીસના સિકંજામાં આવ્યો છે.

ગત ડિસેમ્બર માસમાં સોનગઢ પોલીસને ચોક્કસ ઇનપુટ મળ્યા હતા કે દેશના જુદા-જુદા રાજયોમાં ઓનલાઈન ફ્રોડ કરીને પડાવેલા નાણાં સોનગઢની બેંકના ખાતાઓમાં જમા થઈ રહ્યા છે. જે બાબતે તપાસ હાથ ધરતાં સોનગઢની અવતાર રેસિડેન્સી માં રહેતા મિલિંદ રણજિત વણજારીનું નામ બહાર આવ્યું હતું.

મિલિંદ વણજારી પોતાની ઓફિસે બે માણસોને નોકરી પર રાખી તેમના મારફત આ પ્રકારના છેતરપિંડીના નાણાં પોતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી લેતો હતો અને આ રૂપિયા એક વિદેશી એપ્લિકેશન તથા અંગડિયાના માધ્યમથી સુરત ખાતે યાસીર નામના ઇસમને મોકલી આપતો હતો.

જે તે સમયે કુલ ૩.૧૮,૮૧,૨૪૯ ની રકમની છેતરપિંડી સંદર્ભે ત્રણ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી જયારે મુખ્ય સૂત્રધાર યાસીરને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો.

# જયારે સંઘર્ષ તમારા પોતાના ન હોય, છતાં તેની પીડા તમને સ્પર્શે છે



લેખિકા: કેયા ત્રિવેદી

કેટલીક પીડાઓ એવી હોય છે જે આપણા પોતાના જીવનમાંથી જન્મતી નથી, છતાં તે આપણા મન અને હૃદયમાં એટલી ઊંડી રીતે વસી જાય છે કે જાણે તે આપણી જ હોય.

આ એવી પીડા છે, જે આપણે બીજાઓની લાગણીઓ, ચિંતાઓ અને સંઘર્ષોને ખૂબ નજીકથી અનુભવીને પોતાના અંદર સમાવી લઈએ ત્યારે જન્મે છે. કદાચ એ બધું ક્યારેય આપણું નહોતું, છતાં તેની અસર આપણને સ્પર્શી જાય છે. આપણે તેને સમજવાનો પ્રયત્ન કરીએ છીએ, તેને વહન કરીએ છીએ, અને ઘણીવાર તેની થાક પણ આપણે જ અનુભવીએ છીએ.

આ પ્રકારની પીડા બહારથી દેખાતી નથી. ઘણીવાર તેને વધુ સંવેદનશીલતા, વધુ વિચારવાની ટેવ અથવા 'ખૂબ લાગણીશીલ' હોવાના નામે હળવાશથી લઈ લેવામાં આવે છે. પરંતુ કેટલાક લોકો માટે ખાસ કરીને સહાનુભૂતિથી ભરપૂર લોકો, અત્યંત સંવેદનશીલ વ્યક્તિઓ અથવા એવા લોકો જેમણે પોતાના આસપાસના દુઃખને ખૂબ નજીકથી જોયું હોય. આ એક જીવંત અનુભવ છે.

**વારસામાં મળેલા ઘા અને મૌન સંઘર્ષ** -જે સંઘર્ષો આપણા પોતાના નથી, તે ઘણી રીતે આપણામાં સ્થાન બનાવી શકે છે. કદાચ તે બાળપણમાં ઘરના તણાવભર્યા વાતાવરણની અસર હોય. કદાચ તે પેઢી દર પેઢી પસાર થયેલા એવા અધૂરા દુઃખો હોય, જે ક્યારેય શબ્દોમાં વ્યક્ત ન થયા હોય. અથવા કદાચ તે દરેકને સંભાળવાની જવાબદારી હોય, જયારે અંદરથી આપણે પોતે જ થાકી રહ્યા હોઈએ. આપણું મન હંમેશાં એ ભેદ નથી કરી શકતું કે કઈ પીડા આપણે જાતે જીવી છે અને કઈ માત્ર નજીકથી અનુભવી છે. શરીર પણ એ ગણતરી કરતું નથી કે દુઃખ ક્યાંથી આવ્યું છે. તે માત્ર તેની અસરને સંગ્રહિત કરે છે.

માત્ર એટલા માટે કે આગ તમે લગાવી નહોતી, તેનો અર્થ એ નથી કે તેની ગરમી તમને સ્પર્શશે નહીં.

**આપણું મન હંમેશાં એ ભેદ નથી કરી શકતું કે કઈ પીડા આપણે જાતે જીવી છે અને કઈ માત્ર નજીકથી અનુભવી છે.**

**છોડવાની અને આગળ વધવાની હિંમત**-જે પીડા મૂળે તમારી નહોતી, તેમાંથી મુક્ત થવાની પ્રક્રિયા ઘણી શાંત અને આંતરિક હોય છે. તેમાં કોઈ મોટો અવાજ નથી હોતો, કોઈ દેખાતા ઘા નથી હોતા, છતાં તે ખૂબ ઊંડી શક્તિ માંગે છે.

પોતાની ઓળખને એવી પીડાથી અલગ કરવાની હિંમત જોઈએ, જે વર્ષો સુધી પોતાની લાગતી રહી હોય. એવી માન્યતાઓને છોડવાની હિંમત જોઈએ, જેણે આપણને શીખવ્યું હોય કે પ્રેમનો અર્થ હંમેશાં પોતાને પાછળ મૂકી દેવાનો છે.

અને સૌથી વધુ, એવી બાબતો માટેનો અપરાધબોધ છોડવાની હિંમત જોઈએ, જેને સુધારવાની જવાબદારી ક્યારેય આપણી હતી જ નહીં. સાચી સાજા થવાની શરૂઆત કદાચ ત્યાંથી થાય છે, જયાં આપણે સ્વીકારીએ છીએ કે દરેક ઘા આપણને વહન કરવાનો નથી અને દરેક લડાઈ આપણે લડવાની નથી. ક્યારેક સૌથી મોટું સાહસ એ હોય છે કે આપણે પ્રેમ સાથે સ્વીકારી લઈએ કેટલીક પીડાઓને સમજવી શક્ય છે, પરંતુ તેને પોતાના ખભા પર ઉઠાવી રાખવી જરૂરી નથી.

તાપીમાં જન કલ્યાણ શિબિર યોજાઈ

# ગ્રામજનોને સુગમ ડિજિટલ પોર્ટલ વિશે માહિતી અપાઈ, વિવિધ યોજનાઓના લાભો ઉપલબ્ધ કરાયા




તાપી (વ્યારા)- વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે તાપી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશેષ 'જન કલ્યાણ શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. વ્યારાના કાનપુરા ખાતે યોજાયેલી આ શિબિરમાં કલ્યાણકારી યોજનાઓના પ્રચાર-પ્રસાર અને લાભાર્થીઓને સ્થળ પર જ સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી, જેમાં ગ્રામજનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

આ શિબિર તાપી જિલ્લા કલેક્ટર દેવ ચૌધરીના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી, અને તેનું અધ્યક્ષપદ વ્યારા મામલતદાર મનીષભાઈ ભોય દ્વારા સંભાળવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નાગરિકોને ટેક્નોલોજી દ્વારા સશક્ત બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. ઉપસ્થિત ગ્રામજનોને સુગમ ડિજિટલ પોર્ટલ વિશે વિસ્તૃત માર્ગદર્શન અપાયું હતું, જે સરકારની તમામ ઓનલાઈન સેવાઓ એક જ જગ્યાએથી ઘરબેઠાં મેળવવામાં મદદરૂપ થશે અને સમયની બચત કરશે.

બાઈકનું સ્ટેન્ડ યુવકના પગ સોસરવું ઘૂસી ગયું

# લોહીલુહાણ હાલતમાં સુરત સિવિલ પહોચ્યો; દૃશ્યો જોઈને ડોક્ટરો પણ સ્તબ્ધ થઈ ગયા



સુરત- આજ રોજ સુરત શહેરના ભટાર વિસ્તારમાં એક વિચિત્ર અને હૃદય કંપાવી દેનારો અકસ્માત સર્જાયો છે. એક બાઈકચાલક યુવક સાથે બનેલી આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે. અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈકનું લોખંડનું સાઈડ સ્ટેન્ડ યુવકના પગમાં આરપાર ઘૂસી ગયું હતું. ગંભીર રીતે ઘવાયેલા યુવકને આ લોખંડના સળિયા સાથે જ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવતા હોસ્પિટલ પરિસરમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી.

ભટાર રોડ પર બનેલી આ ઘટનાને પગલે આસપાસના રાહદારીઓ અને સ્થાનિક દુકાનદારો તાત્કાલિક યુવકની વહારે ધસી આવ્યા હતા. અકસ્માત એટલો ગંભીર હતો કે યુવક અસહ્ય પીડાના કારણે રસ્તા પર જ તરફડી રહ્યો હતો. યુવકના પગમાં સ્ટેન્ડ ખૂંપી ગયેલું જોઈને લોકો પણ એક ક્ષણ માટે ઘબરાઈ ગયા હતા. જોકે, સ્થાનિકોએ હિંમત હાર્યા વગર નજીકની દુકાનોમાંથી કટીંગના સાધનો મંગાવીને લોખંડના સ્ટેન્ડને બાઈકથી અલગ કરવાનો પ્રયાસ કર્યો હતો, જેથી યુવકને હોસ્પિટલ પહોંચાડી શકાય.

ઘટના અંગે તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવતાની સાથે જ પેરામેડિકલ સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. યુવકના પગમાં સ્ટેન્ડ હોવા છતાં તેને અત્યંત સાવચેતીપૂર્વક એમ્બ્યુલન્સમાં સુવડાવી નવી સિવિલ હોસ્પિટલના ટ્રેમા સેન્ટર ખાતે લાવવામાં આવ્યો હતો. સિવિલ હોસ્પિટલમાં જયારે યુવકને સ્ટ્રેચર પરથી ઉતારવામાં આવ્યો, ત્યારે તેના પગમાં ઘૂસેલું લાંબુ લોખંડનું સ્ટેન્ડ જોઈને ત્યાં હાજર અન્ય દર્દીઓ, તેમના સગા-સંબંધીઓ અને ખુદ ફરજ પરના તબીબો પણ ક્ષણભર માટે આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

## ભરૂચની ૭૦૦ વર્ષ જૂની જુમ્મા મસ્જિદ વિવાદમાં

# સંત સમિતિ-ચક્રધર સ્વામીના અનુયાયીઓએ ૩૫,૦૦૦ લોકોની સહી સાથેનું આવેદન આપ્યું, ૪ માર્ચના વીડિયો વાઈરલ બાદ માહોલ ગરમાયો



ભરૂચ- ભરૂચ શહેરની ઐતિહાસિક જામા મસ્જિદના મૂળ સ્વરૂપને લઈને છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલો વિવાદ હવે જાહેર આંદોલનનું સ્વરૂપ ધારણ કરતો જોવા મળી રહ્યો છે. રાષ્ટ્રીય સંરક્ષિત સ્મારક તરીકે ઓળખાતી જામા મસ્જિદ અંગે એક તરફ પુરાતત્વ વિભાગ દ્વારા મુલાકાતીઓ માટે નવી માર્ગદર્શિકા અમલમાં મૂકવામાં આવી છે, ત્યારે બીજી તરફ સંત સમાજ અને વિવિધ હિન્દૂ-જૈન સંગઠનો દ્વારા સ્મારકના મૂળ ઇતિહાસ અંગે પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા છે.

આજે સોમવારના રોજ ભરૂચના હોસ્ટેલ ગ્રાઉન્ડથી જિલ્લા કલેક્ટર કચેરી સુધી વિશાળ જનરેલી યોજાઈ હતી. જેમાં મહારાષ્ટ્રથી ચક્રધર સ્વામીના અનુયાયીઓ સાથે સંત સમાજના નેતૃત્વમાં યોજાયેલી આ રેલીમાં સાધુ-સંતો, હિન્દૂ અને જૈન સમાજના આગેવાનો સહિત મોટી સંખ્યામાં નાગરિકોએ ભાગ લીધો હતો.

જુમ્મા મસ્જિદનો વિવાદિત દરવાજાને સીલ કરાયો.

ઐતિહાસિક સત્ય બહાર લાવો, ધરોહરની મૂળ ઓળખ જાળવો'

શક્તિનાથ માર્ગ પરથી પસાર થયેલી રેલી દરમિયાન 'ઐતિહાસિક સત્ય બહાર લાવો' અને 'ધરોહરની મૂળ ઓળખ જાળવો' જેવા સૂત્રો ગુંજ્યા હતા. રેલીના અંતે સ્વામી મુક્તાનંદ, સુદર્શન નાગરાજ કપાટે અને વિવિધ પ્રતિનિધિમંડળે જિલ્લા કલેક્ટરને ૩૫ હજારથી વધુ લોકોના હસ્તાક્ષર ધરાવતું આવેદનપત્ર સોંપ્યું હતું.

આવેદનપત્રમાં જામા મસ્જિદના ઐતિહાસિક મૂળ અંગે નિષ્પક્ષ અને વૈજ્ઞાનિક તપાસ કરાવવાની માગ કરવામાં આવી હતી. સંત સમાજના આગેવાનોનો દાવો છે કે, સ્મારકનું મૂળ સ્વરૂપ જૈન મંદિર સાથે સંકળાયેલું હોવાનું દર્શાવતા કેટલાક ઐતિહાસિક પુરાવાઓ ઉપલબ્ધ છે, જેના આધારે સમગ્ર મામલે ઊંડાણપૂર્વક અભ્યાસ થવો જોઈએ.

કલેક્ટર દ્વારા જાહેરનામું બહાર પાડી જામા મસ્જિદની મુલાકાત માટે નવી માર્ગદર્શિકા જાહેર-

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જિલ્લા કલેક્ટર દ્વારા જાહેરનામું બહાર પાડી જામા મસ્જિદની મુલાકાત માટે નવી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી. સ્મારકને નુકસાન પહોંચે તેવી પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવા અને સુરક્ષા વધારવાના પગલાં વચ્ચે હવે આ મુદ્દો વધુ ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે.

સંત સમાજે પુરાતત્વ વિભાગને પણ રજૂઆત કરી હતી કે, સ્મારકની મૂળ રચના અને ઐતિહાસિક ઓળખ જાળવવામાં આવે તેમજ સ્થળ પર કોઈપણ પ્રકારના નવા બાંધકામ અથવા ફેરફાર ન કરવામાં આવે. બીજી તરફ, સમગ્ર કાર્યક્રમ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

Date- 17/06/2026 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# કામરેજમાં શંકાસ્પદ ઘી બનાવવાનું કારખાનું ઝડપાયું પોલીસે દરોડા પાડી ભેળસેળનો મોટો જથ્થો જપ્ત કર્યો



કામરેજ- સુરત જિલ્લામાં શુદ્ધ ઘીના નામે ભેળસેળનો પર્દાફાશ થયો છે. કામરેજ પોલીસે નવાગામ જીઆઈડીસી વિસ્તારમાં આવેલી 'શ્રીજી ઇન્ડસ્ટ્રિયલ'ના પ્લોટ નંબર ૭ પર દરોડા પાડી નકલી ઘી બનાવવાનું કારખાનું ઝડપી પાડ્યું છે. પોલીસે સ્થળ પરથી મોટા પાયે ભેળસેળનો સામાન જપ્ત કર્યો છે.

પોલીસની તપાસ દરમિયાન, કારખાનામાંથી તેલના ૧૫ ડબ્બા, ૧૪૦ કિલો ક્રીમ, ભેંસના ઘીનો ૧ ડબ્બો, ગાયના ઘીનો ૧ ડબ્બો અને અન્ય ઘી બનાવવાની સામગ્રીનો જથ્થો કબજે કરવામાં આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આ કારખાનું છેલ્લા ૧૫ દિવસથી કાર્યરત હતું. આસપાસના લોકોને જાણ ન થાય તે રીતે ગુપ્ત રીતે શંકાસ્પદ ઘી બનાવવાનું કામ ચાલી રહ્યું હતું. કામરેજ પોલીસે આ સમગ્ર કૌભાંડના મૂળ સુધી પહોંચવા માટે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે. આ નકલી ઘી કયા વિસ્તારોમાં અને કયા ગ્રાહકોને સપ્લાય કરવામાં આવતું હતું, તે દિશામાં કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસે તમામ શંકાસ્પદ જથ્થો કબજે કરીને કાયદેસરની કાર્યવાહી કરી છે.

આ ઘટનાને પગલે સ્થાનિકોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે કે કેવી રીતે નાગરિકોના આરોગ્ય સાથે આવા તત્વો ચેડાં કરી રહ્યા છે.

# શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરી ટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા ૭૬૩ મો આઈ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું



**બારડોલી-** શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરી ટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા સંચાલિત શ્રી સત્ય સાઈ હોસ્પિટલ , શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે તા. ૦૯/૦૬/૨૦૨૬ ને મંગલવાર ના રોજ ૭૬૩ માં આઈ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમ મોતિયા ના ઓપરેશનો લેન્સ સાથે નીઃ શુલ્ક કરવામાં આવ્યા. તેમજ દર્દી તથા તેમના સગા ને ભોજન (નારાયણ સેવા) શ્રી લલ્લુભાઈ ભીખાભાઈ પટેલ તથા પરિવાર, નવદુર્ગા -A બારડોલી તરફ થી કરાવવામાં આવ્યું .

શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે આંખ વિભાગ, દાંત વિભાગ અને ફિજિયો થેરાપી વિભાગ સવારે ૯.૦૦ થી ૫.૦૦ ચાલે છે અને સીવણ તથા બ્યુટી પાર્લર ના ક્લાસ વિના મૂલ્યે ચલાવવામાં આવે છે . અને યોગા ક્લાસ સવારે ૬ થી ૭ ના સમય ગાળા દરમિયાન ચાલે છે. બધી જ સારવાર એકદમ ફ્રી માં કરવામાં આવે છે. જરૂરિયાત મંદ લોકો ને લાભ લેવા વિનંતિ.

**સીવણ તથા બ્યુટી પાર્લર ના ક્લાસ વિના મૂલ્યે ચલાવવામાં આવે છે . અને યોગા ક્લાસ સવારે ૬ થી ૭ ના સમય ગાળા દરમિયાન ચાલે છે.**

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટના કોપર વાયર ચોરતી ગેંગ ઝડપાઈ

## સુરત ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ એ ૨ આરોપીની ધરપકડ કરી, ગુનામાં સામેલ ૨ સગીરને ચાઈલ્ડ ઓબ્ઝર્વેશન હોમ મોકલાયા , રૂ.૪.૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત





**ગુનામાં વપરાયેલા અતુલ થ્રી-વ્હીલર ટેમ્પો અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૪. ૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.**

કામરેજ-સુરત ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ એ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાંથી કોપર વાયરની ચોરી કરતી ગેંગનો પર્દાફાશ કર્યો છે. પોલીસે આ મામલે ૨ આરોપીઓ અને ૨ સગીરોને ઝડપી પાડ્યા છે. પકડાયેલા આરોપીઓ પાસેથી ચોરીના માલના વેચાણની રોકડ રકમ અને ગુનામાં વપરાયેલા વાહન સહિત કુલ રૂ. ૪.૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પકડાયેલ બંને સગીરને ચાઈલ્ડ ઓબ્ઝર્વેશન હોમ મોકલાયા છે. જ્યારે ભંગાર ખરીદનાર સહિત ૨ આરોપીને વોન્ટેડ જાહેર કરાયા છે.

સુરત ગ્રામ્ય વિસ્તારમાં શરીર અને મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા માટે પોલીસ દ્વારા સઘન ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ અભિયાન અંતર્ગત પેટ્રોલિંગ દરમિયાન LCB ટીમને આ મોટી સફળતા મળી છે.

ગત ૦૨/૦૬/૨૦૨૬ ના રોજ કોસમાડા ગામ નજીક ચાલી રહેલા L&T બુલેટ ટ્રેન પ્રોજેક્ટ સાઇટ પરથી મોટી માત્રામાં કોપર વાયરની ચોરી થઈ હતી. આ ઘટના અંગે ફરિયાદ નોંધાતા LCB ટીમે ટેક્નિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી સઘન તપાસ શરૂ કરી હતી.

તપાસ દરમિયાન LCBને ચોક્કસ બાતમી મળી હતી કે કોપર વાયરની ચોરી કરનારા શખસો એક ટેમ્પોમાં સામાન ભરી કામરેજ ચાર રસ્તાથી કડોદરા તરફ જઈ રહ્યા છે. આ માહિતીના આધારે પોલીસે વાવ ગામ પાસે નેશનલ હાઈવે-૪૮ પર વોચ ગોઠવી નાકાબંધી કરી હતી. પોલીસે શંકાસ્પદ ટેમ્પો ને અટકાવી તપાસ કરતા તેમાંથી રણજીત ચંદુભાઈ સાથડીયા અને અમર અર્જુનભાઈ વાંસફોડા નામના બે શખસ તેમજ બે સગીરો મળી આવ્યા હતા. પોલીસ પૂછપરછમાં આરોપીઓએ કોસમાડા બુલેટ ટ્રેન પ્રોજેક્ટ સાઇટ પરથી જ વાયર ચોર્યા હોવાની કબૂલાત કરી હતી.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓએ આ ચોરીનો માલ ખોલવડ પાસોદરા પાટિયા ખાતે ભંગારની દુકાન ચલાવતા મહેન્દ્ર ગુજ્જરને વેચ્યો હતો. પોલીસે આરોપીઓ પાસેથી ચોરીનો માલ વેચીને મેળવેલી રૂ.૭૦,૦૦૦ ની રોકડ રકમ કબજે કરી છે. આ ઉપરાંત ગુનામાં વપરાયેલા અતુલ થ્રી-વ્હીલર ટેમ્પો અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૪. ૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ચોરીમાં સંડોવાયેલા બંને સગીરોને નિયમાનુસાર ચાઈલ્ડ વેલ્ફેર ઓફિસરને સોંપવામાં આવ્યા છે. જ્યારે ચોરીનો માલ ખરીદનાર ભંગારના વેપારી મહેન્દ્ર ગુજ્જર અને અન્ય સહ-આરોપી સુરેશભાઈ દામાભાઈ ગોરાસાને વોન્ટેડ જાહેર કરી પોલીસે તેમને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# વાઘનેરા રોડ ૭ વર્ષથી બિસ્માર રસ્તાથી લોકોને હાલાકી, અનેકવાર રજૂઆત પણ રોડનું નિર્માણ ન થયાનો સ્થાનિકોનો આરોપ



તાપી (વ્યારા)- વાઘનેરા ગામમાં છેલ્લા સાત વર્ષથી રસ્તાની બિસ્માર હાલતને કારણે ગ્રામજનો ભારે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. ગામના ગામીત ફળિયામાં દિનેશભાઈ કિશનના ઘરથી પંચાયત સુધીનો ૪૫૦ મીટરનો માર્ગ વર્ષ ૨૦૧૯ થી અત્યંત ખરાબ સ્થિતિમાં છે.

આ માર્ગની દયનીય હાલત અંગે ગ્રામજનોએ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, તાલુકા વિકાસ અધિકારી અને કલેક્ટર કચેરી સુધી અનેકવાર રજૂઆતો કરી છે. તેમ છતાં, સંબંધિત અધિકારીઓ દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

રસ્તામાં મોટા ખાડા પડી ગયા છે, જે અકસ્માતને નોતરે છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન શાળાએ જતા વિદ્યાર્થીઓ, દર્દીઓ અને વૃદ્ધો માટે આ રસ્તો પાર કરવો અત્યંત મુશ્કેલ બની જાય છે. વહીવટી સરળતા માટે નવા ઉકાઈ તાલુકાની રચના થતાં ગ્રામજનોમાં આશા જાગી હતી કે તેમની સમસ્યાનો ઉકેલ આવશે, પરંતુ સાત વર્ષ જૂની આ સમસ્યા યથાવત છે. અત્યાર સુધી અધિકારીઓ તરફથી માત્ર આશ્વાસનો મળ્યા છે, જેનાથી ગ્રામજનોની ધીરજ ખૂટી રહી છે. વાઘનેરાની જનતા હવે તાત્કાલિક ધોરણે રોડનું કામ શરૂ કરવાની માંગ કરી રહી છે. આ અંગે તાલુકા વિકાસ અધિકારી રમેશ ગામીતે જણાવ્યું હતું કે, જો જૂના આયોજનમાં આ રોડનો સમાવેશ ન થયો હોય, તો નવા આયોજનમાં તેને સામેલ કરવાની ખાતરી આપવામાં આવી છે.

# ઓલપાડ-ચોર્યાસી સંઘની સભામાં ખેડૂતોને ૨૦ ટકા ડિવિડન્ડ: ૭૬ મી વાર્ષિક સાધારણ સભામાં મહત્વપૂર્ણ જાહેરાત, ખેડૂતોમાં ખુશી




ઓલપાડ- સુરત જિલ્લાના ઓલપાડ અને ચોર્યાસી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘની ૭૬ મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. આ સભામાં ઓલપાડ અને ચોર્યાસી તાલુકાના ખેડૂતો માટે ૨૦ ટકા ડિવિડન્ડની જાહેરાત કરવામાં આવી છે, જેનાથી ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

સંઘે તેના સ્થાપનાકાળથી અત્યાર સુધીના ૭૫ વર્ષોમાં ખેડૂતોની સેવા કરવામાં નોંધપાત્ર સફળતા મેળવી છે. ખાસ કરીને જ્યારે ખેડૂતોને રાસાયણિક ખાતરની તંગી વર્તાતી હોય ત્યારે આ સંઘ તેમના માટે આશીર્વાદરૂપ સાબિત થાય છે.


સંઘે ઓલપાડ અને ચોર્યાસી તાલુકાના ૨૦,૦૦૦ થી વધુ ખેડૂતોને ખાતર તેમજ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ પૂરી પાડીને ખેડૂતલક્ષી કામગીરીમાં અગ્રેસર સ્થાન જાળવી રાખ્યું છે.

આ બાબતે ખેડૂત આગેવાન જયેશ પટેલે જણાવ્યું હતું કે, 'આ વર્ષે પણ ખેડૂતોને ૨૦ ટકા ડિવિડન્ડની જાહેરાત કરવામાં આવી છે. રાસાયણિક ખાતરની પૂરતી માંગ અને અન્ય વ્યવસ્થામાં મુશ્કેલી હોય તેવા સમયે પણ આ સંઘે ખેડૂતોને ખાતર પહોંચાડવામાં ખૂબ જ સફળતા મેળવી છે. સભામાં તમામ એજન્ડાના કામો પૂર્ણ કરવામાં આવ્યા હતા. સંઘે ખાતરી આપી છે કે આગામી દિવસોમાં પણ ખેડૂતોને ખાતર તથા અન્ય જરૂરી ચીજવસ્તુઓ સરળતાથી મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ રહેશે.

ANILDARBAR
Mo: 97242 60058

DHARMESH PATEL
Mo: 99250 47272

વી. એસ. ચીકન કોર્નર
ચિકન, મટન, ફીસ, ઝીંગા તેમજ ઇંડાની દરેક આઈટમ મળશે...



મુ. પો. સેવણી, પેટ્રોલ પંપની બાજુમાં,
તા. કામરેજ, જી. સુરત

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. (Social media)